૫૦ ટકા જેટલી વસ્તીનું રસીકરણ થયા બાદ વિચારવામાં આવશે

ગુજરાત હાઈકોર્ટનો માસ્કનો દંડ ઘટાડવા સ્પષ્ટ ઈન્કાર

અમદાવાદ,તા.૨

ગુજરાતમાં કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવ્યા પછી હવે સંક્રમણ ધીમી ધીમે ઘટી રહ્યું છે. છેલ્લા ૨-૩ દિવસથી દૈનિક કેસો ૧૦૦ની અંદર આવી ગયા છે. ત્યારે ગુજરાત સરકારે લોકોને માસ્કના દંડમાં રાહત આપવા માટે વિચાર કર્યો છે. માસ્ક ના પહેરવા પર હજાર રૂપિયાનો દંડ ઘટાડવા માટે એડવોકેટ જનરલે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી. જોકે, ગુજરાત હાઈકોર્ટે અત્યારે માસ્કનો દંડ ઘટાડવા ઈનકાર કરી દીધો છે.

હાઈકોર્ટે કહ્યું, રાજ્યની ૫૦ ટકા જેટલી વસ્તી નું રસીકરણ થવા દો પછી દંડ ઘટાડવા માટે વિચારીશું. હાલના તબક્કે દંડ ની રકમ માં ઘટાડો કરવો વ્યાજબી નહીં હોવાનું કોર્ટનું અવલોકન છે. ૫૦ ટકા જેટલી વસ્તીનું રસીકરણ થાય ત્યારબાદ માસ્કના પહેરવા પર ૫૦૦ રૂપિયાના દંડ બાબતે વિચારી શકાય પરંતુ હાલ નહીં, તેમ કોર્ટે જણાવ્યું હતું.

માસ્ક ના પહેરવા પર હજાર રૂપિયાનો દંડ રાખવામાં આવ્યો હતો તેમ છતાં બીજી લહેર આવી અને ત્રીજી લહેર અપેક્ષિત છે ત્યારે સરકારે રસીકરણ પર વધુ ધ્યાન આપવું જોઈએ, તેમ કોર્ટે કહ્યું હતું.

રાજ્ય સરકારે હાઈકોર્ટમાં કરેલી એફિડેવિટમાં ત્રીજી લહેરને લઈ આગોતરા આયોજન કરવામાં આવી રહ્યું હોવાનો દાવો કરાયો છે. કોરોનાને લઈ દરેક જરૂરી વ્યવસ્થાની અછત ન ઉભી થાય તે રીતે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વેન્ટિલેટર, ઓક્સિજન બેડ, ધનવંતરી રથ સહિતની વ્યવસ્થા વધારવાનું આયોજન વિશે સોગંદનામામાં રજુઆત કરાઈ હતી.

રાજ્યમાં હાલ એક્ટિવ કેસની સંખ્યા ૨૭૯૪ છે. જેમાંથી હાલ ૨૭૮૩ લોકો સ્ટેબલ છે. ૧૧ લોકો વેન્ટીલેટર પર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૧૦૭૫૧ લોકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૧૦૦૬૨ પર પહોંચ્યો છે. રાજ્યમાં રિકવરી રેટ ૯૮.૪૪ ટકા છે.

અમદાવાદમાં માસ્ક નિયમના ઉલ્લંઘનના સૌથી વધુ કેસ

માસ્ક ન પહેરવા બદલ લોકોને વર્ષમાં ૨૫૨ કરોડનો દંડ

એક જાહેર હિતની અરજીના સંદર્ભમાં હાઈકોર્ટ સમક્ષ રજૂ કરેલા એફિડેવિટમાં ગુજરાત સરકારે જણાવ્યું હતું કે, ૩૭.૪૨ લાખ ગુજરાતીઓએ ૨૪ જૂન, ૨૦૨૦થી ૨૮ જૂન, ૨૦૨૧ની વચ્ચે માસ્કના નિયમનું ઉલ્લંઘન કરવા બદલ ૨૫૨ કરોડ રૂપિયાનો દંડ ચૂકવ્યો હતો.

એફિડેવિટ પ્રમાણે, અમદાવાદમાં માસ્ક નિયમના ઉલ્લંઘનના સૌથી વધુ ૬.૬૩ લાખ કેસ નોંધાયા હતા, જેના માટે શહેર પોલીસને ૫૩.૨૧ કરોડ રૂપિયાનો દંડ ચૂકવવામાં આવ્યો હતો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સેક્રેટરી અતુલ પટેલે ગુરુવારે સુઓ મોટો પીઆઈએલ સંદર્ભમાં દાખલ કરેલા એફિડેવિટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, એક વર્ષમાં ડાંગમાં સૌથી ઓછા ૬,૩૫૦ કેસ નોંધાયા હતા અને તેના માટે પોલીસ દ્વારા ૪૯ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

રાજકોટ દંડ ચૂકવવાના મામલે અમદાવાદ બાદ બીજા નંબરે હતું. જ્યાં માસ્ક ઉલ્લંઘનના ૩.૪૫ લાખ કેસ નોંધાયા હતા અને ૨૪ જૂન, ૨૦૨૦થી ૨૮ જૂન, ૨૦૨૧ની દરમિયાન ૨૫.૧૨ કરોડનો દંડ ભર્યો હતો.

એફિડેવિટમાં આપવામાં આવેલા આંકડા પ્રમાણે, પોલીસે માસ્ક વગર ઝડપાયેલા લોકોને માસ્ક પણ આપ્યા હતા. તેમાં જણાવવામાં આવ્યું હતું તે, ૨૫ માર્ચ, ૨૦૨૦થી ૨૮ જૂન, ૨૦૨૧ દરમિયાન ૫૭.૪૫ લાખ માસ્કની વહેંચણી કરવામાં આવી હતી.

પોલીસ અધિકારીઓએ કહ્યું હતું કે, માસ્ક દંડ ઉપરાંત એક વર્ષમાં કર્ફ્યૂના સમયગાળા દરમિયાન બહાર રખડતા લોકો પાસેથી આશરે ૧૦૧ કરોડ રૂપિયાનો દંડ પણ વસૂલ્યો હતો. આમ ગુનેગારોએ એક વર્ષમાં માસ્ક ન પહેરવા અને કર્ફ્યૂના કલાક દરમિયાન પોતાના વાહનો પર બહાર ફરવા બદલ નિયમિત ૧ કરોડ રૂપિયાનો દંડ ભર્યો હતો.

ગુજરાત પોલીસે લગ્ન અને સામાજિક પ્રસંગમાં ભીડ સહિત સોશિયલ ડિસ્ટન્સિંગનું ઉલ્લંઘન કરવા બદલ ૫.૧૩ લાખ કેસ નોંધ્યા હતા.

સાયન્સ સિટી ખાતે એક્વિરિયમનું ઉદ્ઘાટન કરશે

વડાપ્રધાન મોદી ૧૨ જુલાઈ બાદ એક દિવસના ગુજરાત પ્રવાસે આવશે

ગાંધીનગર,તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક જ ગુજરાતનો પ્રવાસ કરશે. ગૃહમંત્રી અમિત શાહના પ્રવાસ બાદ હવે પીએમ મોદી અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. પીએમ મોદીના પ્રવાસને લઈને તંત્રને કામ અંગે સૂચના આપી દેવામાં આવી છે. ૧૨મી જુલાઈએ રથયાત્રા બાદ પીએમ મોદી ગુજરાત પ્રવાસે આવશે જેમાં તેઓ અમદાવાદ સ્થિત સાયન્સસિટીની મુલાકાત લેશે. સાયન્સ સિટી ખાતે તૈયાર કરવામાં આવેલ એક્વિરિયમનું ઉદ્ઘાટન પીએમ મોદીના હાથે કરવામાં આવશે. આ સિવાય પ્રવાસ દરમિયાન પીએમ મોદી ગાંધીનગર રેલવે સ્ટેશન પર તૈયાર કરવામાં આવેલ હોટલ પણ ખુલ્લી મૂકશે.

પીએમ મોદીના પ્રવાસને તંત્રને તમામ કામગીરીને ૧૦ જ દિવસમાં પૂરી કરી લેવાના ગુજરાત સરકાર દ્વારા આદેશ આપવામાં આવ્યા છે. અમદાવાદમાં આવેલી સાયન્સ સિટીમાં ગુજરાતનું પહેલું એક્વેરિયમ બનાવવામાં આવ્યું છે જેમાં દેશ વિદેશની માછલીઓ જોવા મળશે તેમજ એક્વેરિયમમાં સ્કૂબા ડાઈવિંગ મજા પણ માણી શકાશે, સાયન્સ સિટીની મુલાકાતે આવેલા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું કે ૨૫૦ કરોડના ખર્ચે વર્લ્ડ ક્લાસ એક્વેરિયમ પણ તૈયાર કરવામાં આવ્યું છે જેનું લોકાર્પણ ટૂંક સમયમાં કરવામાં આવશે.

ગુજરાતમાં ધોરણ-૯, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાશે

ગુજરાત શિક્ષણ બોર્ડે આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોના મહામારી ઓછી થતાં હવે સરકાર ધીમીધીમે અનલોક કરી રહી છે. ત્યારે સ્કૂલોમાં નવા સત્ર પહેલા શિક્ષણ બોર્ડે વિદ્યાર્થીઓની નિદાન કસોટી લેવાનો નિર્ણય લીધો છે. વિદ્યાર્થીઓમાં લર્નિંગ લોસ જાણવા નિદાન કસોટી લેવાશે. આગામી ૧૦થી ૧૨ જુલાઈ દરમિયાન સ્કૂલોમાં નિદાન કસોટી લેવાશે. ધો.૯ અને ૧૦માં ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાનની કસોટી આપવાની રહેશે, જ્યારે ધોરણ.૧૨ વિજ્ઞાનમાં ફિઝિક્સ, કેમેસ્ટ્રી, ગણિત, બાયોલોજીની કસોટી રહેશે. તેવી રીતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પણ નિદાન કસોટી લેવાશે.

શિક્ષણ બોર્ડ દ્વારા અધ્યયન અને અધ્યાપનનું સ્તર જાણવા માટે ધોરણ.૯, ૧૦ અને ૧૨માં નિદાન કસોટી લેવાશે. નિદાન કસોટી બાદ સમયાંતરે એકમ કસોટીઓનું આયોજન કરવામાં આવશે. નિદાન કસોટીનો અભ્યાસક્રમ તેના આગળના ધોરણના અભ્યાસ ક્રમમાંથી ઉપયોગી પ્રકરણના મુદાઓનો સમાવેશ કરાશે. ધોરણ ૯ની નિદાન કસોટી માટે ધોરણ ૮ ના વિષયો આધારીત પ્રશ્નપત્રો તૈયાર કરાયા છે. નિદાન કસોટી માટેના પ્રશ્નપત્રો ૭ જુલાઈએ બોર્ડ દ્વારા DEOને મોકલવામાં આવશે.

શિક્ષણ બોર્ડ દ્વારા આઠ જુલાઈએ બોર્ડની વેબસાઈટ પર પ્રશ્નપત્ર મૂકાશે, ૧૦થી ૧૨ જુલાઈ રોજ એક કસોટી વિદ્યાર્થીઓ આપશે. ૧૩-૧૪ જુલાઈએ વિદ્યાર્થીએ લખેલી ઉત્તરવહી પરત મેળવવાની રહેશે. ૩૦ જુલાઈએ વિષયવાર પરિણામ તૈયાર કરવાનું રહેશે.

રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં સ્વિકાર્યુ

રાજ્યમાં ૪ હજાર સ્પેશિયાલિસ્ટ, દસ હજાર MBBSની જરૂર છે

બીજી લહેર દરમિયાન પણ અનેક કોવિડ સ્પેશિયલ હોસ્પિટલોમાં સ્ટાફની અછતનો સામનો સરકારે કર્યો છે

ગુજરાત હાઈકોર્ટમાં પોતાનો જવાબ આપતાં ગુજરાત સરકારે જો કોરોનાની ત્રીજી લહેર આવે તો પોતાની તૈયારીના પ્લાન અંગે માહિતી આપી હતી. તેમજ સરકારે કોર્ટને જણાવ્યું કે પાછલી બે લહેરના અનુભવમાંથી સરકાર શીખી છે અને તે પ્રમાણે મહામારીની આગામી લહેર જો આવે તો તેને ધ્યાને રાખીને પ્લાન તૈયાર કર્યો છે.

રાજ્ય સરકારે પોતાના જવાબમાં કહ્યું કે કોરના મહામારીની ત્રીજી લહેર જો આવશે તો તમામ સંસાધનોની જરુરિયાત અનેકગણી વધી જશે. જેમ કે કોરોનાની બીજી લહેર દરમિયાન રાજ્યમાં ૨૩૫૦ જેટલા સ્પેશિયાલિસ્ટોની જરુરિયાત પડી હતી. જો ત્રીજી લહેર આવશે તો દર્દીઓની સારવાર માટે રાજ્યમાં ૪૦૦૦ જેટલા સ્પેશિયાલિસ્ટોની જરુરિયાત પડશે. તેવીજ રીતે ૫૨૦૦ જેટલા સ્મ્જીની સામે ૧૦૦૦૦ **MBBS** અને ઈન્ટર્ન્સ તબીબોની જરુરિયાત પડશે. આ જ પ્રમાણે વોર્ડમાં દર્દીઓની સારસંભાળ માટે લગભગ ૧૨૦૦૦ જેટલી નર્સની જરુરિયાત પડી હતી જેની સામે આગામી લહેરમાં ૨૨૦૦૦ જેટલી નર્સની આવશ્યક્તા પડી શકે છે.

સરકારે રજૂ કરેલા એફિડેવિટ અને ડોક્યુમેન્ટ્સમાં આ માનવ સંસાધનો કેવી રીતે પૂરા પાડવામાં આવશે તેના નામે મગનું નામ મરી નથી પાડ્યું. ખાસ કરીને કોરોના જેવી મહામારીના વોર્ડમાં ખૂબ જ ટ્રેઈન્ડ સ્ટાફની જરુરિયાત રહે છે. મહત્વનું છે કે ફક્ત કોરોના ફેસિલિટી ઉભી કરી દેવાથી વાત અટકતી નથી. એક મહિના પહેલાની જ વાત છે જ્યારે રાજ્ય સરકારે પોતાના જવાબમાં હાઈકોર્ટ સમક્ષ સ્વિકાર્યુ હતું કે તેમને પોતાની કોવિડ-૧૯ ફેસેલિટીઝ માટે સ્પેશિયલાઈઝ્ડ ડોક્ટર શોધવામાં ખૂબ જ અડચણ નડી રહી છે. ત્યાં સુધી કે માસિક રુ. ૨.૫ લાખ જેટલો પગાર ઓફર કરવા છતાં ટ્રેઈન થયેલા સ્પેશિયાલિસ્ટો સરકારને નથી મળી રહ્યા. અહીં એ નોંધવું રહ્યું કે બીજી લહેરમાં એપ્રિલ મે મહિનામાં DRDOના સહયોગથી શરું કરવામાં આવેલી ધન્વન્તરી હોસ્પિટલ માટે સ્પેશિયલિસ્ટ સહિતનો સ્ટાફ મેળવવામાં ફીફા ખાંડતી જોવા મળી હતી. કોરોના મહામારીની છેલ્લી લહેરમાં સરકારે કોરોના કેસ વધતા માનવ સંશાધનો ભેગા કરવા માટે ૧૪૧૫ જેટલા ડોક્ટરને ડ્યુટી પર હાજર થવા આદેશ આપ્યો હતો. આ ડોક્ટર્સ સરકારી મેડિકલ કોલેજમાં ખૂબ જ નજીવી ફી ભરીને ભણ્યા હતા અને પોસ્ટ ગ્રેજ્યુએશન કરીને નિષ્ણાંત બન્યા હતા. સરકારી કોલેજમાં નજીવા ખર્ચે ભણવા માટે ડોક્ટરોએ સરકાર સાથે બોન્ડ કરવો પડે છે જેના આધારે સરકારે મહામારીના સમયમાં જરુરિયાત ઉભી થતાં ડોક્ટરોને ફરજ પર હાજર રહેવા આદેશ આપ્યો હતો. જોકે ઘણાખરાં ડોક્ટરો હાજર ન રહેતા તેવા ૭૯૯ ડોક્ટરો સામે સમાજ તેમજ સરકાર પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારીથી દૂર ભાગવા સબબ રાજ્ય સરકારે એપેડેમિક ડિસિઝ એક્ટની કલમ ૩ અંતર્ગત ફરિયાદ નોંધાવી છે.

ઉત્તર ગુજરાતમાં મોંઘવારીરૂપી રાક્ષસની ચુંગાલમાં લાખો પરિવારો ફસાયા

હિંમતનગર, તા.૦૨

ઉત્તર ગુજરાત સહિત દેશભરમાં મોંઘવારીરૂપી રાક્ષસની ચુંગાલમાં લાખો પરિવારો ફસાયા હોય તેવો આક્રોશ વ્યક્ત થયો છે. પેટ્રોલ, ડીઝલ, દૂધ, શાકભાજી, કઠોળ અને હવે રાંધણ ગેસના ભાવ આસમાને પહોંચતાં ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારોની હાલત અત્યંત કફોડી બની છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં કોરોના કાળમાં આવક ઘટી છે અને મોંઘવારી વધતી જતાં પરિવારના રોજીંદા ખર્ચમાં વધારો થવાથી જીવન જીવવું દોહ્યલું બન્યું છે.

છેલ્લા દોઢ વર્ષથી કોરોનાની મહામારીના કારણે નાના વેપારીઓ, ખેડૂતો, ખાનગી નોકરીયાત વર્ગ તેમજ શ્રમિક સહિતના લોકોની હાલત અત્યંત કફોડી બની છે. કપરા સમયમાં ધંધા-રોજગારોને અગણિત નુકસાન પહોંચ્યું છે ત્યાં દિવસ ઉગે જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધતાં હજારો પરિવારો વધતી મોંઘવારીથી સમસમી ઉઠ્યા છે. ઉત્તર ગુજરાતમાં કોરોના કાળ પછી સંક્રમણ ઘટતાં તબક્કાવાર રીતે અનલૉકનો અમલ શરૂ થયો છે જેમાં છેલ્લા કેટલાક દિવસથી ધંધા-રોજગારો માંડ પાટે ચઢ્યા હતા ત્યાં હવે પેટ્રોલ, ડીઝલ, શાકભાજી, કઠોળ અને હવે રાંધણ ગેસના ભાવમાં વધારાથી મધ્યમ વર્ગીય પરિવારોને ધગધગતો ડામ અપાયો હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

ખૂની હુમલો : વિજયનગરના સરસવમાં મામા-ફોઈના દિકરા બાખડ્યા, એકની ખોપરી ફોડી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

વિજયનગરના સરસવ ગામે રીસામણે ગયેલી પત્નિને પરત લાવવા બાબતે મામા-ફોઈના દિકરાઓ વચ્ચે ઝઘડો થયા પછી ઉશ્કેરાયેલા મામાના દિકરા પિયૂષ ઈશ્વર અસારીએ ક્રોધમાં આવી ફોઈના દિકરા રાજેશ હીરાભાઈ ડામોરને માથામાં કુહાડીના ઘા ઝીંકી ખોપરી ફોડી નાખતાં ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો છે. સામાન્ય મુદ્દે મામલો બિચક્યા પછી હિંચકારો ખૂની હુમલો થતાં વિજયનગર પોલીસે આરોપી સામે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં હત્યા અને ખૂની હુમલા સમયે લોહીના સબંધોનો છેદ ઉડતો હોય છે. કાયદો વ્યવસ્થા ઉપર પ્રજાને ભરોસો રહ્યો ન હોય તેમ જાતે જ ન્યાય તોલવાની માનસિક્તામાં લોહીયાળ જંગ ખેલાતો હોય છે. વિજયનગરના અંદ્રોખા ગામના અશ્વિનભાઈ હીરાભાઈ ડામોર અને રાજેશ હીરાભાઈ ડામોર તા.૨૯ના રોજ સરસવ ગામે તેમના મામાના ઘરે ગયા હતા જ્યાં તેમના ફોઈના દિકરા પિયૂષ અસારીની પત્નિ રીસામણે બેઠી હોવાથી તેને પરત લાવવા બાબતે ચર્ચા થઈ હતી.

જેમાં તારી ઘરવાળી ખરાબ છે તેને પરત લાવવી નથી તેવા વાક્યોથી ઉશ્કેરાયેલા પિયૂષ અસારીએ ઘરમાંથી કુહાડી લઈ આવી જાણે કે મગજમાં શેતાન સવાર થઈ ગયો હોય તેમ મામાના દિકરા રાજેશ ડામોરને માથામાં કુહાડીના સીધા બે ઘા મારી ખોપરી ફોડી નાખતાં લોહીના ફુંવારા ઉડ્યા હતા. પત્નિ મુદ્દે ખુન્નસ સવાર થયું હોય તેમ આરોપી ખૂની હુમલો કરી સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. અન્ય પરિવારજનોએ ખૂની હુમલામાં ઘાયલ રાજેશ ડામોરને ગંભીર હાલતમાં સારવાર માટે ઈડરની ટ્રોમા હોસ્પિટલમાં ખસેડ્યો છે જ્યાં માથાના ભાગથી ખોપરીનો ભાગ અલગ થઈ ગયો હોવાથી તાબડતોબ આઈ.સી.યુ.માં ખસેડ્યો છે જ્યાં હાલત ગંભીર બતાવાઈ રહી છે. બનાવ અંગે અશ્વિન હીરાભાઈ ડામોરની ફરિયાદના આધારે વિજયનગર પોલીસે આરોપી પિયૂષ અસારી વિરૂદ્ધ હત્યાના પ્રયાસનો ગુનો નોંધ્યો છે.

શિવરંજની હિટ એન્ડ રન કેસ : કારનો પીછો કરનાર હોમગાર્ડ જવાનની ધરપકડ

શિવરંજનીના હિટ એન્ડ રન કેસમાં પર્વ શાહ વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૪ મનુષ્ય વધનો ગુનો દાખલ કરાયો છે. ત્યારે આ હિટ એન્ડ રન મામલે મોટો વળાંક સામે આવ્યો છે. પર્વ શાહની સાથે સીસીટીવીમા દેખાતી બીજી કારનો માલિક ચર્ચામાં આવ્યો હતો. શિવરંજની હિટ એન્ડ રન કેસમાં અકસ્માત સમયે સીસીટીવી કારમાં દેખાતી બીજી કાર પોલીસે શોધી કાઢી હતી. બ્લેક કલરની વેન્ટો કારનો ચાલક ધીરજ પટેલ હોવાનું સામે આવ્યું હતું. ધીરજ પટેલ થલતેજમાં તેમના બહેનના ઘરેથી પરત ઈક્મટેક્સ ખાતે આવેલ પોતાના ઘરે જઈ રહ્યો હતો.

ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેર સ્ટાર્ટઅપ ક્ષેત્રનો વેગવંતુ બનાવવા કરાર

ગાંધીનગર, તા. ૨

ભારતની સૌથી જૂની અને વિશ્વ વિશ્વવિખ્યાત એલ.એમ. કોલેજ ઓફ ફાર્મસીમાં સ્થપાયેલ અટલ ઈંક્યુબેશન સેન્ટર (AIC-LMCP FOUNDATION) અને રાજ્યની ગુજરાત વેન્ચર ફાઈનાન્સ લિમિટેડ (GVFL) વચ્ચે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા માટે એમઓયુ કરવામાં આવ્યાં છે. એ.આઈ.સી. એલ.એમ.સી.પી ફાઉન્ડેશન અને જી.વી.એફ.એલ. વચ્ચે થયેલા આ એમઓયુથી સ્ટાર્ટઅપકર્તાને અનેક સ્તરે લાભદાયી થશે.

એ.આઈ.સી.એલ.એમ.સી.પી. ફાઉન્ડેશન તરફથી સભ્ય સચિવ ડૉ. એમ.ટી. છાબરિયા અને જી.વી.એફ.એલ. તરફથી સંસ્થાના પ્રેસિડેન્ટ મિહિર જોશી દ્વારા એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતા. એ.આઈ.સી.એલ.એમ.સી.પી. ફાઉન્ડેશનના સીઈઓ ડો. શ્રીનિવાસ સાવલે અને નીતિન મેકવાન, જીવીએફએલના મેનેજીંગ ડિરેક્ટર દુખબંધુ રથ અને રવિન્દર ઠાકુર આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

એલ.એમ.સી.પી.ના પ્રિન્સિપાલ અને એ.આઈ.સી. એલ.એમ. સી.પી. ફાઉન્ડેશનના સભ્ય સચિવ ડો.છાબરિયાજી જણાવ્યું હતું કે એ.આઈ.સી. એલ.એમ. સી.પી ફાઉન્ડેશન અને જી.વી.એફ.એલ. વચ્ચે થયેલા આ એમ.ઓ.યુ.થી અનેક ફાર્માસ્યુટિકલ અને હેલ્થકેરના વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ, તેમજ ઉદ્યોગ સાહસિક લોકોને ટેક્નિકલી અને આર્થિક રીતે લાભ થશે.

આ એમઓયુથી ગ્રોથ સ્ટેજ પર પહોચેલા સ્ટાર્ટઅપને ઈક્વિટી બેઝ્ડ પર વિવિધ ઔદ્યોગીક એકમો દ્વારા મેન્ટરીંગથી લઈને તેની પ્રોડક્ટને પેટન્ટમાં રૂપાંતરીત કરવા ઉપરાંત સ્ટાર્ટઅપના માર્કેટીંગ અને જે-તે પ્રોડક્ટને ટ્રાયલ માટે થતાં ખર્ચ પેટે સ્ટાર્ટઅપની યોગ્યતાં અને જરૂરીયાતને ધ્યાનમાં રાખીને રૂ. ૫ થી ૧૦ કરોડ સુધીનું પણ વેન્ચર ફંડિંગ પૂરૂં પાડવામાં આવશે.

આતંકી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવાયો હતો. જ્યારે સેનાના બે જવાનો પણ ઘાયલ થયા હતા. ભારતીય સેનાનુ કહેવુ છે કે, જમ્મુ કાશ્મીરમાં આતંકવાદ સામેનુ અભિયાન ચાલુ રહેશે, રાજ્યમાં શાંતિ સ્થપાય તે ભારતીય સેનાનુ પહેલેથી જ લક્ષ્ય છે. અમારી પાસે આતંકીઓ સામે અભિયાન ચલાવવા માટે મજબૂત તંત્ર પણ છે. શાંતિ અને વિકાસની પ્રક્રિયામાં વિઘ્ન ઉભુ કરવા માંગતા તત્વોનુ ધ્યાન રાખવાની જરૂર છે.

બીજ તરફ, જમ્મુ-કાશ્મીરના ડીસીપી દિલબાગ સિંહનું કહેવું છે કે, ડ્રોન દ્વારા હથિયાર, વિસ્ફોટકો અને માદક પદાર્થો સીમાપાર પહોંચાડવા પાછળ પાકિસ્તાનના આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદનો હાથ છે. તેઓએ જણાવ્યું કે, હવે સમય આવી ગયો છે કે જમ્મુ-કાશ્મીરમાં શાંતિ અને વિકાસ લાવવા માટે આતંકવાદનો અસ્વીકાર કરવામાં આવે અને તેને હરાવવામાં આવે. આતંકવાદના સફાયા માટે આતંકવાદ વિરોધી અભિયાનોની ગતિ વધુ ઝડપી કરવામાં આવશે. બીજી તરફ, ડ્રોન જેવા ખતરા સામે લડવા માટે સુરક્ષાની વ્યવસ્થાને પણ વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જમ્મુમાં ઉચ્ચ સુરક્ષાવાળા વાયુસેના સ્ટેશન પર તાજેતરમાં ડ્રોનથી જ હુમલો કરવામાં આવ્યો હતો.

દૂતાવાસ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે તેને કોઈ ખતરો નથી કે કેમ તે અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

જોગાનુંજોગ આ તારીખે જમ્મુમાં ભારતીય વાયુસેનાના બેઝ પર વિસ્ફોટક પદાર્થો સાથે ડ્રોનથી હુમલો કરવામાં આવ્યો તેની પહેલાનો દિવસ છે. ૨૭ જૂને ભારતીય વાયુસેનાએ વિસ્ફોટ અંગે માહિતી આપી હતી. આ હુમલામાં પણ પાકિસ્તાની આતંકીઓની સંડોવણી હોવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે જમ્મુ એરપોર્ટ પર થયેલા હુમલા માટે લશ્કરી ગ્રેડના વિસ્ફોટકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાન સતત વિએના સંધીનું ઉલ્લંઘન કરે છે. પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ ભારતીય રાજદ્વારીઓને પજવવાનું પણ કામ કરે છે. અમુક સમયે ભારતીય રાજદ્વારીઓનો પીછો કરવામાં આવે છે. ઈસ્લામાબાદના અત્યંત સુરક્ષિત વિસ્તારમાં રાજદ્વારીઓના રહેઠાણ હોવા છતાં, લોકો એકઠા થાય છે અને ભારતીય મિશન સામે પ્રદર્શનો કરવામાં આવે છે.

સ્વતંત્ર દેશો વચ્ચેના રાજદ્વારી સંબંધોને લગતી વિયેના સંધિ પર ૧૯૬૧ માં હસ્તાક્ષર થયા હતા. આ સંધિ હેઠળ રાજદ્વારીઓને વિશેષ અધિકાર આપવામાં આવ્યા છે. આ સંધિના બે વર્ષ પછી, ૧૯૬૩ માં સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય કાયદા પંચ દ્વારા તૈયાર કરેલી બીજી સંધિની જોગવાઈ કરી, જેને વિયેના કન્વેન્શન ઓન કોન્સ્યુલર રિલેશનસ કહેવામાં આવ્યું. આ સંધિ ૧૯૬૪ માં અમલમાં આવી હતી. આ સંધિ હેઠળ યજમાન દેશ પોતાને ત્યાં રહેતા અન્ય દેશોના રાજદ્વારીઓને વિશેષ દરજ્જો આપે છે. કોઈ પણ દેશ કોઈ પણ કાયદાકીય કેસમાં બીજા દેશના રાજદ્વારીઓની ધરપકડ કરી શકે નહીં કે તેમને કોઈ પણ પ્રકારની કસ્ટડીમાં રાખી શકાશે નહીં. તેમજ યજમાન દેશમાં રાજદ્વારી પર કોઈ કસ્ટમ ટેક્સ લાદવામાં આવી શકે નહીં.

પેટ્રોલીયમ પ્રોડક્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૪,૫૧,૫૪૨.૫૬ કરોડની કમાણી કરી છે. જે ગત વર્ષની સરખામણીએ લગભગ ૫૬.૫ ટકા વધારે છે. આ અંગે આરટીઆઈ દ્વારા જાણકારી મળી છે. જયારે પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં કમરતોડ વધારો થતાં કેન્દ્ર અને રાજય સરકારોને ફ્યુઅલ ટેક્સ-સેસ ઘટાડવાની માંગ થઈ રહી છે.

રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં પેટ્રોલિયમ પેદાશોના આયાત પર રૂ. ૩૭,૮૦૬.૯૬ કરોડની કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવી હતી. સાથે જ દેશમાં આ પ્રોડક્ટ્સના ઉત્પાદન પર સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાંથી ૪.૧૩ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે. આરટીઆઈ દ્વારા મળેલી માહિતી અનુસાર, ૨૦૧૯-૨૦માં પેટ્રોલિયમ પેદાશોના આયાત પર કસ્ટમ ડ્યુટી તરીકે સરકારે ૪૬,૦૪૬.૦૯ કરોડની આવક મેળવી હતી. જયારે આ પ્રોડક્ટ્સના ઉત્પાદન પર સેન્ટ્રલ એકસાઈઝ ડ્યુટીથી રૂ. ૨.૪૨ લાખ કરોડ વસૂલવામાં આવ્યા છે.

એટલે કે, બંને ટેકસ અંતર્ગત સરકારે ૨૦૧૯-૨૦માં કુલ ૨,૮૮,૩૧૩.૭૨ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. એક આરટીઆઈ કાર્યકર્તાએ જણાવ્યું હતું કે નાણાં મંત્રાલય સાથે સંકળાયેલ ડિરેકટોરેટ જનરલ ઓફ સિસ્ટમ્સ એન્ડ ડેટા મેનેજમેન્ટએ માહિતીના અધિકાર હેઠળ તેમની અરજી અંગે માહિતી આપી હતી. તો અર્થશાસ્ત્રી જયંતીલાલ ભંડારીના જણાવ્યા મુજબ, પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવને કારણે માત્ર સામાન્ય માણસ જ નહીં, પરંતુ આખી અર્થવ્યવસ્થા બગડી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર અને રાજય સરકારોએ ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલ પરના તેમના ટેકસ ઘટાડીને લોકોને મોંઘવારીમાંથી રાહત આપવી જોઈએ.

શેરી શિક્ષણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજ્ઞાન વિષયને લઈ પણ થોડીક તકલીફોનો સામનો કરવો પડે છે પરંતુ વિદ્યાર્થીઓનો ઉત્સાહ શિક્ષકોને વધુ ને વધુ ઉત્સાહિત બનાવતો અહિ જોવા મળે છે.

શાળામાં આમ તો હાલ પાંચ શિક્ષકોની ઘટ છે. જો કે શાળાનું પટાંગણ શિક્ષકોએ એટલુ આહલાદક ડેવલપ કર્યુ છે કે તમે એ સુભાષિત ગણગણ્યા વગર રહો નહિ કે "શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે"

શાળાના પટાંગણમાં તમે લર્નિંગ સેન્ટરથી કેટલે દૂર છો ? તે માઈલસ્ટોનથી સમજ આપવામાં આવે છે તો બાળકો માટે એન.પી. થિયેટર છે, બાળકોની સ્ટેશનરી અને અન્ય શૈક્ષણિક વસ્તુની ખરીદી માટે રામ હાટ બાળકોને રમવા માટે બનાવેલી સિમેન્ટની ગાડી અને ટ્રાફિક સિગ્નલની સમજ માટે દોરાયેલા ભીંત ચિત્રો તો ગમે જ. આ ઉપરાંત ઘણી બધી બાબતો આ પટાંગણમાં દર્શાવી છે.

શાળામાં એક નાનો સરખો ઉદ્યાન પણ અને પ્રાર્થના-જાહેર કાર્યક્રમ માટે શેડ પણ અહિ બનાવવામાં આવ્યો છે.

આ શાળાએ તેની આગવી ઓળખ ઉભી કરી છે. આ વર્ષે શાળામાં ધો. ૨ થી ૮ માં ખાનગી શાળામાંથી ૨૫ બાળકો નવા દાખલ થયા છે. ઔષધિ બાગ, ઈકો ક્લબ પણ ડેવલપ કરવામાં આવી છે. ધો. ૧ માં ૭૭ નવા બાળકોએ પ્રવેશ લીધો છે.

શાળાના આચાર્ય કાશ્મીરા વ્યાસે જણાવ્યુ હતુ કે તેઓ ત્રણ વખત શેરી શિક્ષણના વર્ગોની મુલાકાત લે છે. દરેક બાળક અને વાલીઓની સાથે તેમનો સીધો સંપર્ક છે બાળકની શિક્ષણ અને તે માટેની અભિરૂચિને તેઓ સતત પ્રોત્સાહિત કરતા જોવા મળે છે.